# શું કલેમ પ્રોસેસ કરવામાં અસાધારણ વિલંબ બદલ વીમાકંપની વળતર ચૂકવવા જવાબદાર ગણાય?



ઈન્શ્યોરન્સ પોલીસી અન્વયે થતાં કલેમનું સેટલમેન્ટ કલેમની તારીખથી બે થી ત્રણ મહિનામાં થવું જોઈએ એવી ટકોર જુદી જુદી ગ્રાહક અદાલતોએ જુદા જુદા જજમેન્ટસમાં કરી છે. આમ છતાં હજી પણ કેટલાયે કિસ્સાઓમાં કલેમ અંગે નિર્ણય કરવામાં વીમાકંપનીઓ મહિનાઓનો અને કયારેક તો વર્ષોનો વિલંબ કરે છે. આવો વિલંબ વીમાકંપનીને વળતર ચૂકવવા જવાબદાર બનાવી શકે.

સર્વોચ્ચ ગ્રાહક અદાલત એટલે કે નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટસ રીડ્રેસલ કમિશને એક મહત્ત્વના ચુકાદામાં કલેમ પ્રોસેસ કરવામાં લગભગ ત્રણ વર્ષનો વિલંબ કરનાર વીમાકંપનીને કાન આમળીને રૂ. 1,00,000/- નું વળતર વીમેદારને ચૂકવી આપવા આદેશ આપતો હુકમ કર્યો હતો.

**ગ્રાહક મંચ**

★ શ્રેયસ દેસાઇ (એડવોકેટ)

અઝીત ઈન્ટરનેશનલ પ્રા.લિ. વિરૂદ્ધ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીના કેસમાં ફરિયાદી કંપનીના ફેકટરીના બિલ્ડીંગ, બોઈલરની ટાંકી, બોઈલર, વોટર સ્ટોરેજ, પ્લાંટ, મશીનરી, જનરેટર રૂમ, ઈલેક્ટ્રિસીટી, ટ્રાન્સફોર્મર વગેરે કુલ રૂ. 1,05,95,000/- નો વીમો સામાવાળા યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની પાસેથી લીધો હતો. જે વર્ષોવર્ષ નિયમિત રીતે પ્રીમિયમ ભરી રીન્યુ કરતા હતા.

મજકૂર ફેક્ટરીમાં 1993માં આગ લાગવાથી મોટું નુકસાન થયેલું. ફરિયાદીના પોતાના અંદાજ પ્રમાણે બિલ્ડીંગ, પ્લાંટ અને મશીનરીને રૂ. 65,00,000/- નું અને સ્ટોક/રો-મટીરિયલને રૂ. 35,00,000/- નું નુકસાન થયેલું. જે અંગે વીમાકંપનીને જાણ પણ કરવામાં આવેલી. લગભગ ત્રણ વર્ષ સુધી વીમાકંપનીએ ફરિયાદના કલેમ અંગે કોઈ નિર્ણય ન કરતાં 1996 માં ફરિયાદી કંપનીએ ગ્રાહક અદાલતમાં યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરી રૂ. 88.67 લાખનું વળતર અપાવવા દાદ માંગી હતી. ત્યાર બાદ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીએ કલેમના ફુલ એન્ડ ફાઈનલ સેટલમેંટ તરીકે રૂ. 15,40,000/- ચૂકવવાની ઓફર કરી હતી. તે ફરિયાદીએ નકારી કાઢી હતી પરંતુ નેશનલ કમિશને વીમાકંપનીની ઓફર મુજબના રૂ.

**સર્વોચ્ચ ગ્રાહક અદાલત એટલે કે નેશનલ કન્ઝયુમર ડિસ્પ્યુટસ રીડ્રેસલ કમિશને એક મહત્ત્વના ચુકાદામાં કલેમ પ્રોસેસ કરવામાં લગભગ ત્રણ વર્ષનો વિલંબ કરનાર વીમાકંપનીને કાન આમળીને રૂ. 1,00,000/- નું વળતર વીમેદારને ચૂકવી આપવા આદેશ આપતો હુકમ કર્યો હતો**

15,40,000/- વાર્ષિક 12% લેખેના વ્યાજ સહિત ફરિયાદીને ઓન એકાઉન્ટ ઈન્ટરીમ પેમેન્ટ તરીકે ચૂકવી આપવા નિર્દેશ આપ્યો હતો. તે મુજબની ચૂકવણી વીમાકંપનીએ ફરિયાદીને કરી પણ દીધી હતી.

ત્યાર બાદ મજકૂર કેસમાં પક્ષકારોની રજૂઆત, પુરાવાઓ, દલીલો સાંભળ્યા બાદ નેશનલ કમિશને તેના આખરી હુકમમાં ફરિયાદીને આગળથી થયેલ નુકસાની માટે રૂ. 27,61,000/- નું વળતર મેળવવા હકકદાર હોવાનું જાહેર કર્યું હતું. જે પૈકી 15,40,000/- વીમાકંપનીએ અગાઉ સુનાવણી દરમિયાન ચૂકવી દીધા હોવાથી બાકી પડતી રકમ રૂ. 12,21,000/- ફાયરની તારીખથી છ માસ પછીની તારીખથી ખરેખર ચૂકવણીની તારીખ સુધીના સમગ્ર સમયગાળા માટેના વાર્ષિક 12% લેખેના વ્યાજસહિત ચૂકવી આપવા યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીને આદેશ આપ્યો હતો. વધુમાં નેશનલ કમિશને કલેમ સેટલ કરવામાં લગભગ 3 વર્ષના કરેલા વિલંબ માટે વીમા કંપનીને એવા અસાધારણ વિલંબ માટે વધારાના રૂ. 1,00,000 નું નુકસાન વળતર પણ ગ્રાહકને ચૂકવી આપવાનો આદેશ આપ્યો હતો. આમ, વીમા કંપનીને કલેમ પ્રોસેસ કરવામાં અસામાન્ય વિલંબ કરવાનું ભારે પડી શકે છે.

**-:: કેન્ડલ લાઈટ ::-**

આનંદ પણ ઉદાસ હોઈ શકે છે,
પાણીને પણ પ્યાસ હોઈ શકે છે.
- ડો. સુરેશ દલાલ

# ડાયાબિટીસ નિષ્ણાતોનો ફેવરિટ HbA1C ટેસ્ટ શું છે?

એક 63 વર્ષના વડીલ કન્સલ્ટીંગ રૂમમાં પ્રવેશે છે. થોડા થાકેલા અને જિંદગીથી લગભગ હારી ગયેલા એવું જણાવી ખુરશી પર સ્થાન લે છે. સંપૂર્ણ હિસ્ટ્રી જણાવી ઉમેરે છે કે આ મારો આખા દિવસના કાર્યક્રમનો ડબ્બો અર્થાત્ એમની આખા દિવસની અસંખ્ય દવાઓનું ટાઇમટેબલ. એમને શાંતિથી સાંભળ્યા અને શુગર અનિયંત્રિત હોવાને કારણે પરામર્શ લેવા તેઓ આવ્યા છે એમ કહી શુગર 90 થી 100 માં જ રહે એવી ઈચ્છા વ્યક્ત કરે છે, ઈચ્છા વ્યક્ત કરવામાં વિનંતી ઓછી, દબાણ વધુ.




બધા રિપોર્ટ જોયા, એમને તપાસ્યા અને મેં કહ્યું આમાં HbA1C નો રિપોર્ટ નથી. એ રિપોર્ટ વિના તમારી દવા બદલવી કે નવી લખવી ઉચિત ના કહેવાય. એ રિપોર્ટ એક કરાવી લો એટલે આગળની સારવાર નક્કી કરીએ, ત્યાં સુધી જેતે દવા ચાલુ છે એ લેતા રહો. સજ્જન વડીલને આ વાત ઓછી ગમી અને એમણે તો એ જ દિવસથી નવી દવા ચાલુ જ કરવી હતી એટલે નવા દર્દી તરીકે આવેલા તેઓને મારે HbA1C વિશે સંપૂર્ણ માહિતી આપવી પડી અને આ ટેસ્ટથી વાકેફ કરી, થોડી જાગૃતતા લાવવાનો પ્રયાસ કર્યો. જ્યારે આ રિપોર્ટ વિશે કેવી છાપ હોય એ તો સૌ દર્દીઓને ખબર હશે જ ને.. તો ના, જરૂરી નથી. ઘણી વાર દર્દીઓને નથી ખ્યાલ હોતો કે તેઓ કયા રિપોર્ટ કરાવે છે, એ શું છે અને કેમ કરાવવો રહ્યો. તો સમજીએ આજે ડાયાબિટીસમાં એક અત્યંત રૂટીન ટેસ્ટ વિશે કે જેને સામાન્ય જનતા 3 મહિનાના એવરેજ શુગર રિપોર્ટના નામથી પણ ઓળખે છે.

**હેલ્થ ટાઇમ**

★ ડો. મંથન શેઠ

HbA1C અર્થાત્ હિમોગ્લોબિન A1C (HbA1C) ટેસ્ટ એ રક્ત પરીક્ષણ છે જે બતાવે છે કે છેલ્લા બે થી ત્રણ મહિનામાં તમારું સરેરાશ બ્લડ શુગર (ગ્લુકોઝ) લેવલ કેટલું હતું. થોડું ઊંડાણમાં અને ટૂંકમાં સરળ ભાષામાં સમજીએ તો ગ્લુકોઝ એ તમારા લોહીમાં શર્કરાનો એક પ્રકાર છે જે તમે ખાઓ છો તે ખોરાકમાંથી આવે છે. તમારા કોષો ઊર્જા માટે ગ્લુકોઝનો ઉપયોગ કરે છે. ઇન્સ્યુલિન નામનો હોર્મોન ગ્લુકોઝને તમારા કોષોમાં પ્રવેશવામાં મદદ કરે છે. જો તમને ડાયાબિટીસ હોય તો તમારું શરીર પૂરતું ઇન્સ્યુલિન બનાવતું નથી અથવા તમારા કોષો તેનો સારી રીતે ઉપયોગ કરતા નથી. પરિણામે, ગ્લુકોઝ તમારા કોષોમાં પ્રવેશી શકતું નથી, તેથી તમારા બ્લડ શુગરનું લેવલ વધે છે. તમારા લોહીમાં આ ગ્લુકોઝ હિમોગ્લોબિન સાથે ચોંટી જાય છે. હિમોગ્લોબિન તમારા લાલ રક્ત કોશિકાઓમાં (રેડ બ્લડ સેલ/RBC) એક પ્રોટીન છે. જેમ જેમ તમારા લોહીમાં શર્કરાનું સ્તર વધે છે તેમ તમારું વધુ હિમોગ્લોબિન ગ્લુકોઝ સાથે કોટ થતું જશે, A1C પરીક્ષણ તમારા લાલ રક્ત કોશિકાઓની ટકાવારીને માપે છે, જેમાં ગ્લુકોઝ-કોટેડ હિમોગ્લોબિન હોય છે. A1C પરીક્ષણ છેલ્લા ત્રણ મહિના માટે તમારું સરેરાશ ગ્લુકોઝ સ્તર બતાવી શકે છે કારણ કે જ્યાં સુધી લાલ રક્ત કોશિકાઓ જીવંત છે ત્યાં સુધી ગ્લુકોઝ હિમોગ્લોબિન સાથે ચોંટેલું રહે છે. લાલ રક્તકણો લગભગ ત્રણ મહિના જીવે છે. ઉચ્ચ A1C સ્તર એ હાઈ બ્લડ ગ્લુકોઝ/ડાયાબિટીસની નિશાની છે. ડાયાબિટીસ ગંભીર આરોગ્ય સમસ્યાઓનું કારણ બની શકે છે, જેમાં હૃદયરોગ, કિડનીરોગ અને ચેતાઓને નુકસાનનો સમાવેશ થાય છે પરંતુ સારવાર અને જીવનશૈલીમાં ફેરફાર સાથે, તમે તમારા બ્લડ ગ્લુકોઝના સ્તરને નિયંત્રિત કરી શકો છો.

**કુટુંબમાં ટાઇપ 2 ડાયાબિટીસવાળા માતાપિતા અથવા ભાઈ-બહેન હોય, હાઇ બ્લડ પ્રેશર અથવા હાઈ કોલેસ્ટ્રોલ લેવલ હોય, હૃદયરોગ અથવા સ્ટ્રોક આવ્યો હોય કે પછી તમને ડાયાબિટીસનાં લક્ષણો હોય તો તમારે A1C ટેસ્ટ કરાવવાની જરૂર પડી શકે છે**

### આ ટેસ્ટનો ઉપયોગ શેના માટે થાય છે?

A1C પરીક્ષણનો ઉપયોગ સ્ક્રીનીંગ અથવા નિદાન માટે થઈ શકે છે. ટાઇપ 2 ડાયાબિટીસ અને પ્રીડાયાબિટીસના નિદાનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જો તમને ડાયાબિટીસ અથવા પ્રિડાયાબિટીસ હોય, તો A1C પરીક્ષણ તમારી સ્થિતિનું નિરીક્ષણ કરવામાં અને તમે તમારા બ્લડ શુગરના સ્તરને કેટલી સારી રીતે નિયંત્રિત કરવામાં સક્ષમ છો તે તપાસવામાં અને મોનિટર કરવામાં મદદ કરી શકે છે.

### કોના માટે HbA1C ટેસ્ટની જરૂર છે?

તમે 45 વર્ષથી વધુ ઉંમરના છો અને જો તમારાં પરિણામો સામાન્ય હોય (નોન ડાયાબિટીક) તો તમારે સમયાંતરે તમારા ફેમિલી ડૉક્ટર કે ફિઝિશ્યનની તબીબી સલાહ મુજબ ટેસ્ટ કરાવતા રહેવું. જો તમારાં પરિણામો દર્શાવે છે કે તમને પ્રિડાયાબિટીસ છે તો તમારે સામાન્ય રીતે દર 1 વર્ષે પરીક્ષણ કરાવવું. શક્ય હોય તો દર 6 મહિને. ડાયાબિટીસ નિષ્ણાત તબીબની સલાહ અનુસાર કેટલી વાર પરીક્ષણ કરાવવું અને ડાયાબિટીસ થવાનું જોખમ ઘટાડવા માટે તમે શું કરી શકો એના પર ધ્યાન કેન્દ્રિત કરવું વધુ મહત્ત્વનું. તો વળી જો તમારાં પરિણામો દર્શાવે છે કે તમને ડાયાબિટીસ છે તો તમારે તમારી સ્થિતિ અને સારવારનું નિરીક્ષણ કરવા માટે વર્ષમાં ઓછામાં ઓછા બે વાર અને સામાન્ય રીતે દર 3 મહિને અથવા ડાયાબિટીસ નિષ્ણાતની સલાહ મુજબ A1C પરીક્ષણ કરાવવું જોઈએ.

જો તમે 45 વર્ષથી ઓછી ઉંમરના છો અને તમને ડાયાબિટીસ થવાની શક્યતા વધુ છે કારણ કે તમને પ્રી-ડાયાબિટીસ છે, વધારે વજન અથવા સ્થૂળતા છે, કુટુંબમાં ટાઇપ 2 ડાયાબિટીસવાળા માતાપિતા અથવા ભાઈ-બહેન હોય, હાઈ બ્લડ પ્રેશર અથવા હાઈ કોલેસ્ટ્રોલ લેવલ હોય, હૃદયરોગ અથવા સ્ટ્રોક આવ્યો હોય, અઠવાડિયામાં 3 વખતથી ઓછા શારીરિક રીતે સક્રિય હોવ અર્થાત્ બેઠાડુ જીવન છે, સગર્ભાવસ્થા દરમિયાન ડાયાબિટીસ આવ્યો હોયઅથવા 4 કિલોથી વધુના બાળકને જન્મ આપ્યો, પોલિસિસ્ટિક ઓવેરિયન સિન્ડ્રોમ (PCOS) હોય કે પછી તમને ડાયાબિટીસનાં લક્ષણો હોય તો તમારે A1C ટેસ્ટ કરાવવાની જરૂર પડી શકે છે.

### કેટલી ટકાવારી અને ટેસ્ટના પરિણામનો અર્થ શું છે?

ડાયાબિટીસ અથવા પ્રિડાયાબિટીસનું નિદાન કરવા માટે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી ટકાવારી આ પ્રમાણે છેઃ

**સામાન્યઃ A1C 5.7% થી નીચે. પ્રિ-ડાયાબિટીસઃ A1C 5.7% અને 6.4% વચ્ચે**

**ડાયાબિટીસઃ** A1C 6.5% અથવા તેથી વધુ. ડાયાબિટીસ નિદાન કરવા A1C સાથે સાથે ફાસ્ટિંગ/ ભૂખ્યા પેટે બ્લડ ગ્લુકોઝ ટેસ્ટ, જમ્યા પછી 2 કલાક અથવા ઓરલ ગ્લુકોઝ ટોલરન્સ ટેસ્ટ (OGTT) જેવા ટેસ્ટ પણ તમારા નિષ્ણાત તબીબ કરાવી શકે છે. તો વળી જો તમારો A1C ટેસ્ટ તમને જે ડાયાબિટીસ છે એને મોનિટર કરવા અર્થાત્ દેખરેખ રાખવા માટે કરવામાં આવ્યો હોય તો તમારા આ પરીક્ષણ પરિણામોનો અર્થ શું છે તે વિશે પરામર્શ માટે હંમેશાં તમારા નિષ્ણાત તબીબ જોડે ચર્ચા કરવી હિતાવહ છે.

બસ, તો આ વાત થઈ HbA1C વિશે, હવે તમને તમારા કોઈ પણ તબીબ આ રિપોર્ટ કરાવવા કહે તો એમને પૂછો ચોક્કસ કે કેમ પરંતુ ત્યાર બાદ કરાવી લેવાની વૃત્તિ રાખો, રિપોર્ટના કરાવી આરોગ્ય સાથે રમવું ગંભીર પરિણામોમાં પરિણમે છે.

**-:: ઇત્તેફાક ::-**

इश्क़-महरूनी, सर्द-गुलाबी और धानी हमें पर सब रँग फ़ब लेते हैं।
हम डॉक्टर हैं, सफ़ेद एप्रिन के नीचे, जीवन के सब रंग ढक लेते हैं।
हिन्दू भी खड़ा रहता है, मुस्लिम भी खड़ा रहता है।
ये डॉक्टर का दिल है,
इंसानियत भीतर रहती है, मज़हब बाहर खड़ा रहता हैं।
-અજ્ઞાત